


# સામાન્ય ચૂંટણી માટે મતદાન કાર્યકર્તા કેવી રીતે બનવું

ન્યુ જર્સીની કાઉન્ટીઓ, રાજ્ય વિભાગ, ચૂંટણી વિભાગ સાથેની ભાગીદારીમાં,આગામી સામાન્ય ચૂંટણીઓ માટે મતદાન કાર્યકરો તરીકે સેવા આપવા માટે સક્રિયપણે નિવાસીઓ શોધી રહી છે.

મતદાન કાર્યકર બનવા વિશેના ત્રણ મુખ્ય પ્રશ્નોના અહી જવાબો આપેલ છે:

## 1... મારે શું કામ અરજી કરવી જોઈએ?

તમારા સમુદાયને તમારી જરૂર છે! મતદાન સ્થળના સ્ટાફ દ્વારા, તમે આ મેળવશો:

- રૂબરૂમાં પ્રારંભિક મતદાનના દિવસોમાં $21.43 પ્રતિ કલાકનું વેતન અને સામાન્ય ચૂંટણીના દિવસે $300 નું વેતન.
- આપણી મહાન લોકશાહીને ક્રિયાશીલ થતી જુઓ,એ પણ પ્રત્યક્ષ રૂપે અને તમારા સ્થાનિક સમુદાય, તમારા રાજ્ય અને તમારા દેશમાં યોગદાન આપવાથી મળતી લાગણીનો આનંદ માણો.

## 2... કોણ અરજી કરી શકે?

તમે ન્યુ જર્સીમાં મતદાન કાર્યકર તરીકે સેવા આપવા માટે અરજી કરી શકો છો જો તમે:

- યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિક અને ન્યુ જર્સીના રહેવાસી છો .
- તમે જે કાઉન્ટીમાં રહો છો તે કાઉન્ટીના રજિસ્ટર્ડ મતદાર છો.
- ઓછામાં ઓછી 16 વર્ષની ઉંમર ધરાવો છો. કોલેજ અને હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને અરજી કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. નોંધ: 18 વર્ષથી ઓછી ઉંમર ધરાવતા લોકોને શિફ્ટ દીઠ મર્યાદિત કલાક કામ કરવાનું રહેશે અને મતદાન કરવા માટે નોંધણી કરાવવાની જરૂર નથી. વધુ માહિતી માટે કાઉન્ટી બોર્ડ ઓફ ઇલેક્શન્સનો સંપર્ક કરો.
- તમે આ ચૂંટણીમાં ઉમેદવાર તરીકે નથી લડી રહ્યા.

## 3... મારે બીજું શું જાણવું જોઈએ?

સંભવિત કાર્ય તારીખો શનિવાર, 28 ઓક્ટોબરથી રવિવાર, 5 નવેમ્બર(રૂબરૂમાં પ્રારંભિક મતદાનનો સમયગાળો) અને મંગળવાર, 7 નવેમ્બર (ચૂંટણીનો દિવસ) સુધી છે. કલાક અને દિવસો અલગ-અલગ હોઈ શકે છે.

**PollWorker.NJ.Gov પર હમણાં જ અરજી કરો !**

ગવર્નર Phil Murphy
સેક્રેટરી ઓફ સ્ટેટ Tahesha Way

**1-877-NJ-VOTER (1-877-658-6837)**
**Vote.NJ.Gov**

@NJVotes | @NJ_Votes | NJ Department of State | @NJ_Votes